ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ માટે કોમ્પ્યુટર હાર્ડવેર ખરીદવા અંગે રૂ.૦૫.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૬/૭૮૬૦૦૯/ન.બા./છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪/૦૪/૨૦૧૭.

**વંચાણે લીધા:-**

(૧) નાયબ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૨૬/૧૨/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ બાઅસં/૧૦૨૦૧૭/૧૬૩૬/LC/2016.

(૨) સેક્શન અધિકારી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૦૧/૦૪/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ બાઅસં/૧૦૨૦૧૭/૧૬૩૬/computer/૨૦૧૬.

**આમુખ :-**

ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨માં યુનાઇટેડ નેશન્સનાં બાળ અધિકારો બાબતના સમજૂતી કરાર સ્વીકારેલ છે. જે અન્વયે બાળ અધિકારોના રક્ષણ અર્થે ધી કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ એક્ટ,૨૦૦૫ અમલમાં આવ્યો. આ કાયદાની કલમ ૧૭ મુજબ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની તા.૨૮/૦૯/૨૦૧૨ના રોજ રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ હેઠળ આર.ટી.ઇ.-૨૦૦૯નો અમલ, જે.જે.એક્ટનો અમલ, પોક્સો તેમજ વિવિધ બાળ અધિકારોને લગતા વિવાદોની સુનાવણી અને તેની ફરીયાદો અંગે અમલવારી થાય તેનું સંકલનની કામગીરી કરવામાં આવે છે.

-2-